આજનું પંચાંગ

ઉદિત તિથિ	:	કૃષ્ણ પક્ષ અમાવાસ્યા ૧૭ ઑક્ટોબર ૧:૦૦ સુધી, ત્યાર બાદ પ્રતિપદા
વાર	:	શુક્ર
નક્ષત્ર	:	બપોરે ૨:૫૮ સુધી હસ્ત, ત્યાર બાદ ચિત્રા
કરણ	:	ચતુષ્પદ બપોરે ૨:૫૭ સુધી, ત્યાર બાદ ૧૭ તારીખ ના ૧ વાગ્યા સુધી નાગ, ત્યાર પછી કિંસ્તુઘ્ન
યોગ	:	વૈધૃતિ ૧:૪૭ સુધી, ત્યાર બાદ વિષ્કુમ્ભ
જન્મેલા બાળકોની રાશિ	:	કન્યા તારીખ ૧૭ ના ૧:૨૫ સુધી, ત્યાર બાદ તુલા
રાશિના અક્ષરો	:	પ. ઠ. ણ. તારીખ ૧૭ ના ૧:૨૫ સુધી, ત્યાર બાદ ર. ત.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજે આપ પોતાનું એક સરસ રૂટિન બનાવવા પ્રયત્ન કરશો તો તેમાં સફળતા મળશે. જેટલો લાભ બીજા લોકોને આપથી થાય છે તેટલો જ લાભ આપને તેમનાથી કેમ નથી થતો? એ વિચાર મનમાં આવશે. આજે કોઈ વ્યક્તિનું સારું થતું જોઈને આપને જૅલસી (જલન) થવાની શક્યતાઓ છે. યાદ રાખો, જો તમારે તેમની જેમ પ્રગતિ કરવી હોય તો તેમની તારીફ કરો - કાં તો રૂ-બ-રૂમાં અથવા મનોમન.

વૃષભ : આજે દરેક બાબતમાં આપ નિપુણ બનશો. બીજા લોકો આપની મદદ અને સલાહ માગશે. અન્ય લોકોને શીખવાડવાની કળામાં આપ માહેર બનશો જેનાથી આપ લોકોના પ્રિય પાત્ર પણ બની શકશો. પ્રેમમાં સફળતા કે નિષ્ફળતા એની ઉપર નિર્ભર કરે છે કે આપણી રજુઆત કેવી છે. પ્રિય પાત્રની આલોચના ટાળજો.

મિથુન : જો આપ નોકરી કરતા હશો તો આજે સરસ રીતે પોતાનું કામ પૂરું કરશો. જો આપ બિઝનેસ કરતા હોવ તો આજે અકાઉન્ટ્સ, ઈન્વોઈસ અને બિલિંગમાં ધ્યાન આપજો, ઘણી ભૂલો મળી આવશે જેને સુધારવા માટે આજે સારી તક છે. જે લોકો કશુંક નવું શરુ કરવા ઈચ્છે છે, તેમના માટે સારો દિવસ નથી. યોગ્ય સમયની રાહ જુઓ.

કર્ક : કોઈ બાબતે આપને કોઈનાથી ખરાબ લાગે, નારાજગી થાય - તેવું બની શકે. આજે આપ સેન્સિટિવ કરતાં ક્રિટિકલ વધારે હશો પણ કોઈ આપને ક્રિટિસાઈઝ કરે તો બિલકુલ ગમશે નહીં. જો આપણે આલોચના સાંભળવા તૈયાર નથી તો આલોચના કરવી પણ ન જોઈએ. કામકાજ સંદર્ભે આજનો દિવસ ઠીક-ઠીક છે. બહુ જોરદાર પણ નહીં અને બહુ નબળો પણ નહીં.

સિંહ : આજે આખી ગેઇમ એની ઉપર આધારિત છે કે આપ શબ્દો કેવી રીતે આયોજિત કરી અને કોઈને કહો છો. એક જ બાબત અલગ અલગ રીતે રજુ કરવાથી, અલગ અલગ પરિણામો આવતાં હોય છે. બસ, આ વસ્તુ આપ આજે સમજી જશો. બાકી આજના દિવસ દરમ્યાન આર્થિક બાબતોમાં સાહસ કરવું નહીં. જો કે, કૅલ્ક્યુલેટેડ રિસ્ક લેવામાં બિલકુલ વાંધો નથી. પ્રિય પાત્રને રિઝવવા મહેનત કરવી પડશે.

કન્યા : આજે આપ પોતાની તબિયત પ્રત્યે વધુ સભાન બનશો. રૂટિન બદલવાથી માંડીને ખોરાકમાં ફેરફાર સુધીની બધી જ બાબતો માટે આજનો દિવસ સાનુકુળ છે. આજે જે વિચારો આવે તે લખી રાખજો. આજે મનમાં આવેલા આઈડિયાઝ, ભવિષ્યમાં ખૂબ કામ લાગશે. કોઈની પર પ્રેમ ઉભરાશે.

તુલા : આજનો દિવસ આપની માટે માધ્યમ છે. નુકસાન થાય અથવાતો મહત્વના કાર્યોમાં વિલંબ થાય તેવું બને. આ બાબત આપને વ્યથિત કરી શકે છે. બને ત્યાં સુધી સારા મૂડમાં રહેવા પ્રયત્ન કરો. જે વ્યક્તિઓ આપને જજ કર્યા વગર સાંભળી શકે, તેમની સાથે વાત કરો. સ્વમુલ્યાંકન નબળું ન કરો. આજનો દિવસ અન્ય દિવસો કરતાં અલગ અથવા નબળો હોય, તેનો મતલબ એમ નહીં કે જિંદગી સફળ નથી. પૉઝિટિવ અને ઑપ્ટિમિસ્ટિક રહો આજે.

વૃશ્ચિક : નોકરીમાં ટીમ-વર્કનું મહત્વ રહેશે, ફાવે કે ન ફાવે. આજે જીદ પકડીને બેસશો તો સફળતા નહીં મળે. પ્રૅક્ટિકલ બનો, ચાહે જોબ હોય કે બિઝનેસ - અભિગમ વ્યવહારિક (પ્રૅક્ટિકલ) હશે, તો જ આજનો દિવસ સારો જશે. કોઈના જીવનમાં વધુ પડતી ચાંચ ન ડુબાડો, એ સારી બાબત નથી. આવી જિજ્ઞાસા આપને નુકસાન કરી શકે છે.

ધન : આપ નોકરી કરતાં હોવ કે ધંધો, આજના દિવસે સફળતા મળવાની છે. બીજા લોકો આપની સરાહના કરશે. કામના વખાણ થાય કે આપના વખાણ થાય, તેનાથી ફુલાઈ ન જશો. લોકો આપની પાસે કામ કઢાવવા તારીફ કરે છે એવું નથી પણ હજી ઘણી પ્રગતિ કરવાની છે એટલે શા માટે નાની નાની બાબતોમાં ખુશ થવું ? બિઝનેસમાં આર્થિક પ્રગતિ થશે.

મકર : જો આપ બિઝનેસ કરો છો તો આજના દિવસ દરમિયાન આપને લાભ થશે. જો આજે આપ નેટવર્ક એક્સપાન્ડ કરશો તો બહુ જ લાભ થશે. દૂરના અંતરે રહેતાં કલાયન્ટ્સથી લાભ થવાની શક્યતાઓ વધારે છે. નોકરિયાતોને નવી તકો મળવાની શક્યતાઓ વધી જશે. આપ અંગત જીવન કરતાં, કાર્યક્ષેત્રને વધારે મહત્વ આપશો, એમ જણાય છે.

કુંભ : જાત ઉપર જુલમ કરીને કોઈ કામ ન કરશો. શારીરિક કે માનસિક આરામની જરૂર હોય તો તેને પ્રાધાન્ય આપો. રોજ કામ કરશો તો કોઈ ઑસ્કાર કે નોબલ પુરસ્કાર નથી આપી દેવાનું. આપ એક દિવસ કામ નહીં કરો તો પૃથ્વી પોતાની ધરી પર ફરતી અટકી નહીં જાય. જો આજે અડધો દિવસ પણ રજા લેશો, તો પણ ઘણી રિન્યુડ એનર્જીનો અનુભવ થશે. પ્રિય પાત્રની યાદ આવે અથવા તેની સાથે સારો સમય પસાર કરવાની ઈચ્છા વધે, તો એમ કરવું.

મીન : આજે વિવિધ વિષયોમાં રસ પડશે. જો આપ મુસાફરી અંગે વિચારતાં હોવ તો આયોજન કરવાનું શરુ કરી જ દો. બેસ્ટ એ રહેશે કે આજે આપ યોગ્ય કંપની શોધો. જો આપ લગ્ન માટે ઉત્સુક હશો તો યોગ્ય પાત્ર મળવાની શક્યતાઓ રહેશે. જો જૉબ કે બિઝનેસના ભાગ રૂપે ક્યાંય પણ નૅગોશિએટ કરવાનું હશે, તો આપ સરસ રીતે એમ કરી શકશો.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૮૫ કેસ

૨૪ કલાકમાં ૧૩૨૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૨૧૬૮૮૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૩૭૮૭૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

રાજ્યમાં ૧૪મી ઑક્ટોબરે કોરોના વાયરસના ૧૧૮૫ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે ૧૩૨૯ દર્દીઓ સાજા થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કોરોના વાયરસના ૧૧ દર્દીનાં મોત થયા છે. દરમિયાન રાજ્યમાં પોઝિટિવ કેસનો આંકડો ને ૧,૫૬,૨૮૩ એ પહોંચી ગયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૨૪૯, અમદાવાદમાં ૧૮૬, વડોદરામાં ૧૧૯, રાજકોટમાં ૧૦૯, જામનગરમાં ૮૨, મહેસાણામાં ૩૩, કચ્છમાં ૩૧, પંચમહાલમાં ૨૩, અમરેલીમાં ૨૪, બનાસકાંઠા ૨૨, સાબરકાંઠામાં ૧૩, મોરબીમાં ૧૯, ભરૂચમાં ૨૮ સુરેન્દ્રનગરમાં ૧૮ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં ૪૩, જૂનાગઢમાં ૩૪, પાટણમાં ૨૩, ગીરસોમનાથમાં ૧૪, નર્મદામાં ૧૪, ભાવનગરમાં ૧૯, દાહોદમાં ૮, આણંદ ૧૩, બોટાદમાં ૭, ખેડામાં ૭, દેવભૂમિ દ્વારકામાં ૭, છોટાઉદેપુર ૬, મહીસાગરમાં ૧૦, નવસારીમાં ૭, અરવલ્લી ૯, તાપીમાં ૫, વલસાડમાં ૧ મળીને કુલ ૧૧૮૫ કેસ નોંધાયા છે. રાજ્યમાં સરકારી ચોપડે એક્ટિવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. કુલ ૧૪૮૦૪ દર્દીઓ એક્ટિવ છે, આ પૈકીના ૮૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૪૭૧૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં ૧,૩૭,૮૭૦ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે જ્યારે અત્યારસુધીમાં સરકારી ચોપડે ૩૬૦૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. દરમિયાન રાજ્યમાં આજે ૫૧,૨૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તી જ્યારે રાજ્યનો રિકવરી દર ૮૮.૨૨ ટકાએ પહોચ્યો હતો. રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સાથે સાથે ટેસ્ટની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. દરમિયાન આ બધાની વચ્ચે આજે રાજ્યમાં અમદાવાદમાં ૪, સુરતમાં ૨, વડોદરામાં ૧ અને ગાંધીનગરમાં ૧, પાટણ-મહિસાગર અને તાપીમાં ૧-૧ મળીને કુલ ૧૧ દર્દીના સરકારી ચોપડે નિધન થયા છે. જ્યારે આજે સૌથી વધુ દર્દીઓ સુરત કોર્પોરેશનમાં ૧૭૮ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. આમ સુરતમાં દર્દીઓ અને ડિસ્ચાર્જ ની સંખ્યા સરખી થવા પામી છે.

મોડાસામાં લોક વિજ્ઞાન કેન્દ્રે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના જાગૃતિ અંગે બેનર લગાવ્યા

કોરોના વાઈરસને લઈ અરવલ્લી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં કોરોના વાઈરસથી બચવા પોસ્ટર મારફતે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. મોડાસા કૉલેજ કેમ્પસ ખાતે લોક વિજ્ઞાન કેન્દ્ર આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. મ.લા. ગાંધી કેળવણી મંડળના મંત્રી સુરેન્દ્ર શાહના જણાવ્યા અનુસાર કોરોના વાઈરસથી બચવા માટે જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરી છે અને પોસ્ટર થકી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આ અભિયાન થકી લોકો સુધી જન જાગૃતિ ફેલાવવામો પ્રયાસ હાથ ધરાશે.

કોરોનાના કારણે ગુજરાત હાઈકોર્ટ ચાર દિવસ બંધ

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં કોરોના સંક્રમણનાં કેસોને કારણે ચિંતાજનક સ્થિતિ છે. બુધવારે મળતા આંકડા પ્રમાણે, રાજ્યમાં ૧૧૭૫ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૪૧૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે ૧૧ લોકોના કોરોનાથી મોત થયા છે. કોરોના મહામારીને પહોંચી વળવા માટે ગુજરાત હાઈકોર્ટમાં ફરી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેથી ગુજરાત હાઈકોર્ટની કામગીરી ૪ દિવસ એટલે ૧૬થી ૧૯ ઓક્ટોબર સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસ દ્વારા જાહેર કરાયેલા સર્કયુલર મુજબ, ૧૬ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી હાઈકોર્ટ બંધ રહેશે. આ દિવસોમાં હાઈકોર્ટના અધિકારીઓ, રજીસ્ટ્રી સ્ટાફ સહિતના કર્મચારીઓનો એન્ટીજન ટેસ્ટ કરવામાં આવશે. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ઉચ્ચ ન્યાયાલયના રેકોર્ડ રૂમ, વોશરૂમ, ચેમ્બર, ઓફિસ સહિત સંપૂર્ણ કેમ્પસની સાફ સફાઈ કરાશે. તમામ પ્રકારનું જ્યુડિશિયલ અને વહીવટી કામ ચાર દિવસ બંધ રહેશે. આ સિવાય એડવોકેટ જનરલ, સરકારી વકીલો વગેરેની ઓફિસ બંધ રાખવા આદેશ કરાયો છે. કોર્ટ પરિસરમાં આવેલી સરકારી ઓફિસ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પોસ્ટ ઓફિસ વગેરે બંધ રહેશે. આ ઓફિસો પણ સેનેટાઈઝ કરાશે. ૧૬ ઓક્ટોબરના કેસ લિસ્ટ ૨૦ ઓક્ટોબરથી લેવામાં આવશે. ૧૯, ૨૦ અને ૨૧ ઓક્ટોબરથી ફિક્સ મેટર ૨૧ ઓક્ટોમ્બરે લેવાશે. ફિઝિકલ ફાઈલીગ ૨૦ ઓક્ટોબરથી શરૂ થશે.

પ્રાંતિજના પોગલુ ખાતે કોરોના વોરીયર્સનું સન્માન કરાયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે પોગલુ-મજરા પીએચસીના મેડિકલ ઓફિસર તથા તમામ આરોગ્ય કર્મચારીઓનુ કોરોના વોરીયર્સોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શક્તિ પીઠ મંદિર ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પોગલુ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનું ગૌશાળા પ્રાંતિજ દ્વારા કોરોના વોરીયર્સનું સન્માન કરવામાં આવ્યું જેમાં પોગલુ પીએચસી તથા મજરા પીએચસીના મેડિકલ ઓફિસર તથા પોગલુ-મજરાના તમામ આરોગ્ય કર્મચારીઓનુ કોરોના વોરીયર્સોનું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં મંગલોદય સેવા પ્રતિષ્ઠાનના મહંત સુનીલદાસજી મહારાજ, જાયન્ટસ સ્પેશિયલ કર્મિર્ટી મેમ્બર ડૉ.એન. કે. ડેરિયા, ટી.એચ.ઓ. ડૉ .સોલંકી, ડૉ.ચંદ્રિકાબેન, ડૉ. પ્રકાશભાઈ, શામળભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ડાહ્યાજી મકવાણા, જાયન્ટસ ગૃપ ઓફ પોગલુના મંત્રી અનુજ પટેલ, પ્રફુલભાઈ જાયન્ટસ ગ્રુપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બાયડ ડેપો મેનેજરે ડિપ રોડથી તપાસ કરતા ડીઝલ ચોરી સામે આવી

બાયડ, તા. ૧૫

પાલનપુરથી બાયડ ડેપોમાં ડીજલ આપવા આવી રહેલ ટેન્કરમાંથી સિધ્ધપુર નજીક ટેન્કરની ડુપ્લીકેટ ચાવી બનાવી ૭૫ લીટર ડીઝલ ચોરીનો બનાવ સામે આવે છે. આ બાબતે ડેપો મેનેજર ટેન્કરમાં ડિપ રોડથી ડીઝલ માપી જોતા ટેન્કરમાં ૭૫ લીટર ડીઝલ ઓછું જણાવ્યું હતું જે બાબતે ડેપો મેનેજર સિધ્ધપુર પોલીસમથકે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

બાયડ એસ.ટી ડેપોમાં મેનેજર તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર પટેલે ટેન્કરમાં ડીઝલ ડિપ રોડોથી માપી જોતા ૭૫ લીટર ડીઝલ ઓછું જણાઈ આવ્યું હતું. આ બાબતે ડેપો મેનેજરે ઝાલા કિસ્મત અને લક્ષ્મણસિંહની પૂછપરછ કરતા તેઓએ અનવર પાસે ડુપ્લિકેટ ચાવી બનાવીને ચોરીની કબૂલાત કરી હતી. ચંડીસર પાલનપુરથી ડીઝલનું ટેન્કર જીજે.૧.સીવી.૯૫૧૭ માં ડીઝલ ભરી બાયડ ખાતે જવા શનિવારે નીકળ્યા હતા ત્યારે રસ્તામાં સિધ્ધપુરના નજીક કાકોશી ચાર રસ્તા નજીક આનંદ હોટલ પાસે ખુલ્લી જગ્યામાં ટેન્કર ઊભું રાખી ડુપ્લિકેટ ચાવી વડે લોક ખોલી ટેન્કરમાંથી ૭૫ લીટર ડીઝલ કિંમત ૫૧૫૪ની ચોરી કરી હતી. આ અંગે ડેપો મેનેજરે પોલીસ મથકે ઝાલા કિસ્મતની લક્ષ્મણસિંહ અને ઝાલા લક્ષ્મણસિંહ રંગુસિંહ રહે. સિદ્ધપુર સામે ડીઝલ ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.

બન્ને આરોપીઓના કોરોના ટેસ્ટ કરાશે

સિદ્ધપુર પોલીસે બાયડ ડેપો મેનેજરની ફરિયાદ લઈ ડીઝલ ચોરીના ગુનામાં આરોપી પિતા પુત્રની અટકાયત કરી છે જેમાં કોરોના ટેસ્ટ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કોરોના ટેસ્ટ નેગેટિવ આવશે તો બંનેની ધરપકડ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે. આ કેસની તપાસ ચલાવી રહેલા પીએસઆઈ બી.એસ. ચૌહાણની જણાવ્યું હતું કે એ બન્ને આરોપીઓના રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરવામાં આવશે. અગાઉ આવા કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તેની પૂછપરછ હાથ ધરવામાં આવશે.

મુંબઈમાં જળબંબાકાર... ● પહેલા પાનાનું ચાલુ

પ્રતિ કલાકની ઝડપથી ફુંકાવાની શક્યતા છે અને બાદમાં તેની ઝડપ ૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. આઈએમડી અનુસાર મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં પવન ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાઈ શકે છે. ૧૬ ઓક્ટોબરની સાંજે તે વધીને ૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. વરસાદે મુંબઈમાં મુસીબત વધારી દીધી છે. કોલાબામાં અત્યાર સુધીમાં ૮૫ મિલીમીટર, સાંતાક્રૂઝમાં ૬૬ મિમી, વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન ખાતાએ આગામી ૪૮ કલાકમાં એલર્ટ જાહેર કરેલી છે. મુંબઈ, થાણે, પાલઘરમાં યલો એલર્ટ જ્યારે સિંધુદુર્ગ, રત્નાગિરીમાં રેડ એલર્ટ જાહેર કરાયલી છે. લગભગ ૧૨ કલાકના ભારે વરસાદ બાદ પુણેના ઈન્દાપુર, નિમગાંવ, કેતકી અને બિધવનમાં હાલાત બેકાબૂ થઈ રહ્યા છે. ઈન્દાપુરમાં માત્ર ૧૨ કલાકમાં ૧૭૮ મિમી વરસાદ રેકોર્ડ થયો છે. ઉજની બાંધથી છોડાયેલા પાણીના કારણે પુણે-સોલાપુર હાઈવે પાણી પાણી થઈ ગયો છે અને ત્યારબાદ હાઈવે બંધ કરાયો છે. પુણેના પ્રસિદ્ધ નીરા નરસિંહપુર મંદિર વિસ્તારમાં પૂર જેવી સ્થિતિના કારણે પ્રશાસન અને ગ્રામ સભાના લોકોએ જનતાને સાવધાન કરી છે. તેલંગણા અને આંધ્રના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે આવેલા પૂરથી જનજીવન પ્રભાવિત થયું છે.

હાજર ન થઈ શક્યા... ● છેલ્લા પાનાનું ચાલુ

સ્વ. વણઝારાના અવસાનના સમાચારથી શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ગત મહિનાના અંતિમ સપ્તાહમાં તેઓ કોરોનામાં સપડાયા હતા. તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા એ દરમ્યાન જ તેમને ઉપ સચિવ તરીકે બઢતીના હુકમો થયા હતા પરંતુ તેઓ તેમની નવી જગ્યા અને નવા હોદ્દાનો ચાર્જ સંભાળી શક્યા નહિ.

ઈન્દ્રોડા પાર્ક... ● છેલ્લા પાનાનું ચાલુ

પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે પાર્કમાં પ્રાણી પક્ષીઓની સલામતી માટે પાર્કમાં શુ કરવુ અને શુ ન કરવુ તે અંગેની માહીતી દર્શાવતા બોર્ડસ પણ મુકવામાં આવ્યા છે. ઈન્દ્રોડા પાર્કમાં ૧૦ વર્ષથી નીચેના બાળકો, સગર્ભા મહીલાઓ અને સિનિયર સિટીઝન્સને પ્રવેશ આપવામાં ન આવે તેનો પણ કડક અમલ કરવામાં આવી રહ્યો છે. જયારે સવારે ૯ વાગ્યાથી પાર્ક શરૂ થાય ત્યારબાદ બપોર ૧ કલાક સુધી જ પ્રવેશ આપવામાં આવે છે.

ગ્રામ્ય... ● છેલ્લા પાનાનું ચાલુ

છે. કોબામાં ખાનગી નોકરી કરતા ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી પણ ૨૩ વર્ષીય ખાનગી નોકરી કરતાં યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૩૮ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પેથાપુરમાંથી ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

પારસા ગામેથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણેકપુર ગામેથી ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

અર્બન વિસ્તારમાંથી ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલમાં આજે ત્રણેય કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. અર્બન-૧ વિસ્તારમાંથી મજૂરી કામ કરતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

અર્બન-૨ વિસ્તારમાંથી ૩૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ખાનગી નોકરી કરતા ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૨૧૧૫ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૫૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં આજે ૧૫,૧૨૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

વધુ ૨૧ કેસ... ● છેલ્લા પાનાનું ચાલુ

યુ.એન. મહેતામાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૫ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. નાણાં વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવા અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજ સેક્ટરમાંથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૬ માં રહેતા અને કડિયાકામ કરતા ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જુના સચિવાલયમાં એનાલિસ્ટ તરીકેનો ધંધો કરતા ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી જે એક નિવૃત્ત કર્મયોગી ૬૯ વર્ષીયનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ઝાયડસ કેડીલા હેલ્થકેરમાં નોકરી કરતા સે. ૭ માં રહેતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માં રહેતા અને મિલેટ્રીમાં જનરલ ઈન્સ્પેક્ટર તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે મિલીટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૩ માંથી ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માં રહેતા અને કોષ્ટગાર્ડમાં પ્રધાન અધિકારી તરીકે ફરજો બજાવતા ૪૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માં રહેતા અને ટેલરીંગનું કામ કરતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો રહ્યો છે જે લગભગ ૮૦ ટકાની આસપાસ થવા જાય છે.

શહેરમાં હાલ હોમ આઈસોલેશન હેઠળ ૧૨૦ જેટલા દર્દીઓ છે. શહેરમાં ૨૧૫ થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૬,૫૦૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે.

શેરબજારમાં કડાકો... ● પહેલા પાનાનું ચાલુ

બજારમાં નેગેટિવ સેન્ટિમેટ ગઈ છે. આ સિવાય અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તણાવ ફરીથી ચર્ચામાં છે. યુ.એસ.ના વિદેશ વિભાગે ચાઇનાની એન્ટ જૂથ જેને અલીબાબ કહે છે, તેને વેપાર બ્લેકલિસ્ટમાં મૂકવા હાકલ કરતો ઠરાવ રજૂ કર્યો છે. અલીબાબે હાલમાં આઈપીઓ લાવવાની તેયારી શરૂ કરી છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી શેરબજારમાં સતત વધારો જોવા મળ્યો હતો. ૨૯ સપ્ટેમ્બરના અપવાદ સિવાય સેન્સેક્સ ૨૫ સપ્ટેમ્બરથી સતત તેજી સાથે બંધ થઈ રહ્યો છે. ૨૪ સપ્ટેમ્બરે સેન્સેક્સ ૩૬૫૫૩ ના સ્તરે બંધ રહ્યો હતો. તે ૧૪ ઓક્ટોબરના રોજ ૪૦૭૯૪ ના સ્તરે બંધ રહ્યો હતો. છેલ્લા ત્રણ સપ્તાહમાં તે ૪૨૦૦ પોઈન્ટથી વધ્યો છે. નબળાં ગ્લોબલ સંકેતોને કારણે શેર બજારમાં આજે કડાકો બોલી ગયો છે. કારોબારની શરૂઆતમાં સેંસેક્સમાં મામૂલી વધારો થયો હતો. પણ કારોબારના અંતમાં શેર બજારમાં હડકંપ મચી ગયો હતો. લગભગ ૨૦ દિવસો સુધી શેર બજારમાં આજે જબરદસ્ત કડાકો જોવા મળ્યો છે. સેન્સેક્સમાં ૨.૬૧% ટકાના કડાકો બોલાયો હતો. ૪૧ હજારની સપાટી નજીક પહોંચેલો આજે કડાકાને કારણે ૩૯,૭૨૮.૪૧ના સ્તરે પહોંચી ગયો હતો. તો નિફ્ટી પણ ઊંધા માથે પટકાઈ હતી.

નરેન્દ્ર મોદી પાસે... ● પહેલા પાનાનું ચાલુ

૩૦ જૂનના રોજ મોદીના બચત ખાતામાં ૩.૩૮ લાખ રૂપિયા હતા. તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની ગાંધીનગર શાખામાં ફિક્સ્ડ ડિપોઝિટ કરી છે. ગયા વર્ષે તેની કિંમત ૧, ૨૭, ૮૧,૫૭૪ રૂપિયા હતી. જે વધીને ૩૦ જૂન,